# પ રિ પ ત્ર

ક્ષણ મારી કલ્પનામાં ખાલી પ્રદેશ છે,
સંધ્યા ઉષા નિશા-દિન સપનાના દેશ છે.

આ આવવા જવાની વચ્ચેનું માપ છળ છે,
ક્યાં નોતરું હતું કે ક્યાં આવ બેસ છે.

આ આપણો સમય શું ને ભૂત શું કે ભાવિ,
હોવું સમયના સ્કંધે રાખેલો ખેસ છે.

ને તે છતાં જુઓ આ પળથી જુદું કશે ક્યાં,
પળના દિવાલ બારી પળની રવેશ છે.

ક્ષણમાંથી નીકળીને ક્ષણમાં ભળી જવાનું,
તું ચાલ તો બતાવું શો પહેરવેશ છે.

મેં એટલે સમયને એ રીત પારખ્યો છે,
નાયક મહાન છે ને તખ્તે પ્રવેશ છે.

-ધ્રુવ ભટ્ટ

ગુજરાતી સાહિત્યના જાણીતા લેખક અને નવલકથાકાર શ્રી ધ્રુવ ભટ્ટ ભારતીય સાહિત્ય એકેડમી દ્વારા પુરસ્કૃત સર્જક છે. તેઓના સર્જનમાં અકુપાર, અગ્નિકન્યા, તત્વમસિ, સમુદ્રાન્તિકે, અતરાપી, કર્ણલોક વગેરે મુખ્ય છે.

તા ૧૨મી ફેબ્રુઆરીએ શ્રી ધ્રુવ ભટ્ટ સાથે વિધાર્થીઓ અને સ્ટાફ સાથે એક ચર્ચા સમાગમ અસ્પી બાગાયત-વ-વનિય કોલેજના સ્વામી વિવેકાનંદ હોલમાં સાંજે ૪ કલાકે રાખવામાં આવેલ છે જેમાં સર્વે સ્ટાફ અને કોલેજના તમામ વિધાર્થીઓને પધારવા ભાવભીનુ નિમંત્રણ છે.

ડીનશ્રી ડો. એન. એલ. પટેલ સાહેબની સુચનાનુસાર સાંજે ૪ વાગ્યા પછીના યુ.જી. તેમજ પી.જી.ના ક્લાસ મુલત્વી રાખી સર્વે વિધાર્થીઓ અને સ્ટાફે આ કાર્યક્રમમાં અચુક હાજરી આપવી. માન. કુલપતિશ્રી ડો. એ. આર. પાઠક સાહેબ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાન શોભાવશે.

DB Jadeja

આચાર્ય અને ડીન
અસ્પી બાગાયત-વ-વનિય મહાવિધાલય
ન.કૃ.યુ., નવસારી

જા.નં. અ.બા.વ.કો. / ૩૫૭૧-૩૬૭૦ /૨૦૧૪
૧૧/૨/૨૦૧૪

પ્રતિ,
કોલેજના તમામ વિભાગીય વડાઓ અને શીક્ષકો
નોટીસ બોર્ડ: તમામ વિધાર્થીઓ